**ફોજદારી કેસ નં. 5558/2011**

**–: આંક–૧ લગત હુકમ:–**

આજ રોજ કેસ હાથ પર લીધો, સબબ આજરોજ એ.પી.પી. શ્રી એ હાલની અરજી આપી આરોપી વિરુધ્ધનો કેસ વીડ્રો પુરશીશ આપી પરત ખેંચવાની પરવાનગી માંગેલ છે. સબબ અરજીની પુરશીશ વંચાણે લેતાં જેમાં જણાવેલ છે કે, જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીના હુકમ નં. ડીસી/એડીએમ/મેટ્રો કોર્ટ/લોકઅદાલત/ડોરમેન્ટ કેસ પરત/૨૦૨૨, તા.૦૯/૧૧/૨૦૨૨ મુજબ એ.પી.પી.શ્રી નાઓને આ કેસ પરત ખેંચવાનો અભિપ્રાયથી પરવાનગી આપેલ છે, જે સબબ એ.પી.પી. શ્રી નાઓએ ઉપરોકત કેસ વીડ્રો કરવા સબબ પુરશીશ આપી પરવાનગી માંગેલ છે.

આમ, આરોપી વિરુધ્ધના ગુનાની ગંભીરતા અને સજાની જોગવાઈને ધ્યાને લેતાં, તેમજ કેસની હકીકત, સંજોગો તથા કાયદાકીય જોગવાઈઓને ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:હુકમ:–**

૧) સદર ફોજદારી કેસને પરત ખેંચવાની પરવાનગી આપવામાં આવે છે.

૨) આરોપીને આક્ષેપિત ગુનામાંથી ડિસ્ચાર્જ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૩) મુદામાલનો નિયમ મુજબ નિકાલ કરવો.

(પટેલ મિતેષચંદ્ર વિનોદકુમાર)
તારીખઃ ૧૨/૧૧/૨૦૨૨ ચોથા અધિક ચીફ જ્યુડીશીયલ મેજિસ્ટ્રેટ
અમદાવાદ (રુરલ) અમદાવાદ